# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 9 •• December, 2003

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com


# જય જિનેન્દ્ર દ્વારા લેવાયેલ 'જૈનધર્મનું જનરલ નૉલેજ' પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું

*સોમાંથી સો માર્ક્સ કોઈ ન લાવી શકતાં સમ્મેતશિખરજીની યાત્રાનું ઈનામ કોઈને ન મળ્યું*

મહાપ્રભાવિક શ્રીલક્ષ્મીધારા યંત્રનાં ઈનામો અમદાવાદ, મુંબઈ અને જામનગરના પરીક્ષાર્થીઓના ફાળે ગયાં


## ૮૦થી ૯૬ માર્ક્સ મેળવનારાઓનાં નામો માટે જુઓ પાના નંબર ૬


જય જિનેન્દ્ર દ્વારા લેવાયેલ 'જૈનધર્મનું જનરલ નૉલેજ' પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.

જય જિનેન્દ્રના અનેક શુભેચ્છુઓની ઉપસ્થિતિમાં આ પરિણામની જાહેરાત કરવામાં આવી હતી.

પ્રારંભમાં પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદ-સાગરજી મહારાજે મંગલાચરણ કરીને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું અને આ પ્રકારની પરીક્ષા લેવા પાછળના ઉદ્દેશની રૂપરેખા સમજાવી હતી.

ઉલ્લેખનીય છે કે ગત પર્વાધિરાજ પર્યુષણના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓ માટે 'જૈનધર્મનું જનરલ નૉલેજ' એ શીર્ષક હેઠળ એક પ્રશ્નપત્ર રિલિઝ કરવામાં આવ્યું હતું, જેમાં જૈન ધર્મ, જૈન તત્ત્વજ્ઞાન, જૈન ઇતિહાસ, જૈન આચારસંહિતા વગેરે વિવિધ વિષયોમાંથી પસંદ કરીને સો પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

આ આખું પ્રશ્નપત્ર ઑબ્જેક્ટિવ પ્રકારનું હતું. મતલબ કે દરેક પ્રશ્નની સાથે ચાર ચાર સંભવિત વિકલ્પો આપવામાં આવ્યા હતા. એમાંથી જ કોઈ એક સાચો જવાબ પસંદ કરીને તેને ટિક કરવાનો હતો. મજાની વાત એ હતી કે આ પ્રશ્નપત્રના ઉકેલ માટે સવા મહિના જેટલો લાંબો સમય પણ આપવામાં આવ્યો હતો અને પુસ્તકોનો ઉપયોગ કરીને ઘર બેઠાં જ આખું પ્રશ્નપત્ર ભરવાનું હતું.

આ પરીક્ષાનું સૌથી આકર્ષક પાસું તેનું ભવ્ય ઈનામ હતું. સોએ સો પ્રશ્નોના સાચા ઉત્તર આપનાર પરીક્ષાર્થી માટે જૈનોના સુપ્રસિદ્ધ તીર્થ સમ્મેતશિખરની યાત્રાનું ભવ્ય બંપર ઈનામ હોવાના કારણે જૈનસમાજમાં આ પ્રશ્નપત્ર ભરવા માટે ખૂબ જ ઉત્સુકતા જાગી હતી અને ભારતભરમાંથી આ પ્રશ્નપત્રો મેળવવા માટે વિનંતીપત્રોનો ખડકલો થઈ ગયો હતો.


**જૈન ધર્મનું જનરલ નૉલેજ પરીક્ષાની વિગતવાર અને નિખાલસ સમીક્ષા માટે જુઓ પાનું ચોથું અને સાચા જવાબો માટે જુઓ પાનું પાંચમું**


આ પરીક્ષામાં અચરજની વાત એ બની હતી કે જૈનધર્મ પ્રત્યે આસ્થા ધરાવનાર જૈનેતર વર્ગમાંથી પણ અનેક પુણ્યવાનોએ પ્રશ્નપત્રો ભર્યાં હતાં. જય જિનેન્દ્ર દ્વારા તેમને ખૂબ જ ઉદારતા પૂર્વક પરીક્ષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવી હતી.

આ પરીક્ષાના માર્ગદર્શક પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે પરીક્ષા લેવાના હેતુઓ ઉપર પ્રકાશ પાડ્યો હતો. તેઓશ્રીએ પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે આજે જૈનોમાંથી અધ્યયન અને સ્વાધ્યાયનું પ્રમાણ ચોંકાવનારી હદે ઘટી ગયું છે. મારે લોકોને સંસ્કારી સાહિત્ય વાંચતા કરવા છે અને ભારતની પ્રાચીનતમ એવી જૈન સંસ્કૃતિમાં રસ લેતા કરવા છે. આ માટે જ અમે વારંવાર આ પ્રકારની પરીક્ષાઓનું આયોજન કરીએ છીએ. ઉલ્લેખનીય છે કે પૂજ્યશ્રીની નિશ્રામાં અવારનવાર આ પ્રકારની પરીક્ષાઓનું આયોજન થતું રહે છે. પૂજ્યશ્રી દ્વારા લેવાતી પરીક્ષાઓની ઊજળી બાજુ એ હોય છે કે પરીક્ષાનાં પેપરો સત્તાવાર રીતે ખુલ્લાં મૂકાય તેની એક ક્ષણ પહેલાં સુધી પ્રશ્નપત્રોની વિગતો તદ્દન ગુપ્ત હોય છે. એટલે સુધી કે પૂજ્યશ્રી સાથે અત્યંત નિકટતાથી સંકળાયેલા ભક્તજનોને પણ છેલ્લી ક્ષણ સુધી પ્રશ્નપત્રમાં પૂછાનારા પ્રશ્નો અંગે કોઈ અંદાજ નથી હોતો. ગમે એટલી 'ટ્રિક' વાપરવામાં આવે તો પણ પૂજ્યશ્રીના મુખમાંથી ક્યારેય પ્રશ્નોના સાચા ઉત્તરો બહાર કઢાવી શકાતા નથી. આ ગોપનીયતા અને શ્રદ્ધેયતાના કારણે અને તે ઉપરાંત પૂજ્યશ્રીનાં પ્રશ્નપત્રોની આગવી અને વિશિષ્ટ શૈલીના કારણે તેઓશ્રી દ્વારા તૈયાર કરાયેલાં પ્રશ્નપત્રો એક નવી જ ભાત પાડતાં હોય છે.

**આ અંકથી દર અંકે નવી નવી સ્પર્ધા... દર અંકે આકર્ષક ઇનામો. આજે જ જય જિનેન્દ્રના સભ્ય બની જાઓ**


## આ અંકની સ્પર્ધા માટે જુઓ પાના નંબર ૩

# શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દેરાસર:

## આવાસ જેવા બાહ્ય દેખાવથી રક્ષાયેલું દેરાસર

લેખાંક : પાંચ

■ કુ. ચૈતાલી શાહ

તાજેતરમાં અમદાવાદમાં ઝવેરીવાડ વિસ્તારમાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનના દેરાસરનો ૪૦૦મો સાલગીરી મહોત્સવ ઊજવાયો હતો. એક લોકવાયકા પ્રમાણે આ દેરાસરમાં દરરોજ જ્યારે પ્રભુજીનું દ્વાર ખોલવામાં આવતું ત્યારે ઉંબરા પરથી ચાંદીનો સિક્કો પૂજારીને મળતો હતો. આ વાયકાથી લોક માનસમાં આ દેરાસરની મહત્તા કેટલી હશે તેની ખબર પડે છે.

અમદાવાદના ઝવેરીવાડમાં – જે નવ પોળનો સમૂહ છે ત્યાં – એક કાળે ઓસવાળ જ્ઞાતિના ઝવેરીઓ વસવાટ કરતા હતા અને શ્રાવકપણાનો ધર્મ અહીં પૂર્ણતાથી આચરણમાં મૂકાતો હતો. એ લોકોએ જિનભક્તિની પરંપરા જાળવવા તથા વિકસાવવા સંખ્યાબંધ દેરાસરો પોતાના રહેણાંકના વિસ્તારમાં બંધાવ્યાં. આ પ્રત્યેક દેરાસરની રચના શિલ્પ-સ્થાપત્યના મહત્ત્વના નમૂનાઓ તરીકે લેખાય છે. આ બધાં જિનાલયોમાં નિશાપોળનું શ્રી જગવલ્લભ પાર્શ્વનાથનું દેરાસર તેની રચના, પ્રાચીનતા તથા ધાર્મિક મહત્ત્વના કારણે મોખરાનું સ્થાન ધરાવે છે.

આ નિશાપોળ જૂના યુગમાં 'નિશા પાટક'ના નામે પણ ઓળખાતી હતી. અહીં સંવત ૧૬૦૦માં શ્રી સંઘે આ દેરાસર બંધાવેલું. અહીં ઉપરના ભાગમાં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વ-નાથની પ્રતિમા અન્ય પ્રતિમાઓ સાથે બિરાજમાન છે જ્યારે નીચે ભોંયરામાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનની સફેદ આરસની છ ફૂટ ઊંચી પ્રતિમા છે. આ ઉપરાંત ભોંયરામાં શ્રી આદિનાથનું પણ દેરાસર છે.

આ દેરાસરની ચર્ચા અહીં કરવા પાછળનું મુખ્ય કારણ આ દેરાસરનું સ્થાપત્ય છે.

આ દેરાસરનો બહારનો ભાગ એ રીતે બનાવાયો છે કે તેને જોવાથી ભાગ્યે જ પાછળ દેરાસર હોવાનો ખ્યાલ આવે. અમદાવાદના ઝવેરીવાડનાં અન્ય દેરાસરો જ્યારે આરસપહાણમાંથી બનાવાતાં ત્યારે અહીં પરંપરાગત કાષ્ઠકામ કરાયેલું. આ કાષ્ઠકામની ઐતિહાસિક સ્થાપત્યના બેનમૂન નમૂનાઓમાં ગણના થાય છે.

●●●●●●●●●

*નિશાપોળનું દેરાસર તેની વિશિષ્ટ કાષ્ઠકળાના કારણે ઐતિહાસિક સ્થાપત્યના બેનમૂન નમૂનાઓમાં સમાવેશ પામે છે.*

●●●●●●●●●

દેરાસરના બાહ્ય દેખાવમાં કાષ્ઠકામ આવવાથી આ દેરાસર આવાસ જેવું વધુ દેખાય છે. વળી આ કોતરણીમાં જે પ્રકારની ભાત જે પ્રમાણમાપમાં પ્રયોજાઈ છે તે જોતાં તેનું આવાસપણું વધી જાય છે. દેરાસરને આવો આવાસ જેવો ઓપ આપવા પાછળ કેટલાંક કારણો હોઈ શકે. એમાં મુખ્ય કારણ એ લાગે છે કે આ પ્રકારનું દેરાસર બનાવવાથી વિધર્મીઓનાં આક્રમણોથી તેને બચાવી શકાય! ભારતીય ઐતિહાસિક સ્થાપત્યમાં આ પ્રકારે મંદિરો અને દેરાસરોને ઢાંકવામાં આવતાં. આવાં ઢંકાયેલાં ધાર્મિક સ્થાનો બહારથી સામાન્ય દેખાય પણ અંદર જતાં તેમની વિશાળતા અને ભવ્યતા જણાઈ આવે. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનના આ દેરાસરમાં પણ આમ જ છે. દેરાસરમાં પ્રવેશતાં એક ચોક આવે છે અને ત્યારબાદ સંયોજિત આકૃતિઓથી કંડારાયેલ સમૃદ્ધ કાષ્ઠકામ જોવા મળે છે. આ સંયોજિત આકૃતિઓ એટલે બે વિભિન્ન જીવશરીરના સંયોજનથી રચાતી આકૃતિઓ; જેમ કે સ્ત્રી તથા ઘોડાના શરીરને જોડવાથી નારીઅશ્વની આકૃતિ બને, જેમાં માથું તથા ધડનો અમુક ભાગ નારીનો હોય અને બાકીનું શરીર અશ્વનું હોય. જૈન શાસનમાં અતિ પવિત્ર ગણાતા કલ્પસૂત્રની હસ્તલિખિત પ્રતોમાં હાંસિયામાં કે ગ્રંથિસ્થાનમાં આ પ્રકારની આકૃતિઓ જોવા મળે છે. વળી રાણકપુર કુંભારીયાજી જેવાં તીર્થોમાં બનાવાયેલ ધાર્મિક સ્થાપત્યમાં પણ આવી આકૃતિઓ જોવા મળે છે.

અહીં આવી સંયોજિત આકૃતિઓ ઉપરાંત પ્રભુભક્તિમાં મગ્ન દેવાંગનાઓ, કલ્યાણકોની ઊજવણી, મેરુ પર્વત ઉપર પ્રભુનો અભિષેક, વરઘોડા, નૃત્યસભા, ચૈત્યપરિપાટી, ફૂલ-વનસ્પતિની ભાત, તીર્થંકર ભગવાનનાં કલ્યાણકો, કલ્પવૃક્ષનું પાન વગેરેની આકૃતિઓ સમૃદ્ધતાથી કંડારાઈ છે. આ ઉપરાંત અહીં ભક્ત શ્રાવકો દ્વારા ઝાંઝ વગાડાતાં હોય તેવાં ભિત્તિચિત્રો પણ છે. સ્થાપત્યની દૃષ્ટિએ આ દેરાસરનું મહત્ત્વ એટલા માટે વધુ આંકી શકાય કે તેમાં દેરાસરની શાસ્ત્રીય રચનાના સિદ્ધાંતો સાવ જ ગૌણ બની રહ્યા છે. એક સમયે જો અહીંથી મૂર્તિઓ તથા સુશોભનની બાદબાકી થાય તો આ જગ્યા પર દેરાસર હોઈ શકે તેવું ભાગ્યે જ લાગે. એક વિશાળ ઘર જેવું બનાવાયેલ આ દેરાસર સાચે જ અદ્‌ભુત છે.

૪૬૦ વર્ષ જૂનું આ દેરાસર માત્ર અમદાવાદના જ નહીં પણ સમગ્ર ગુજરાતના સ્થાપત્યના વારસાનો અમૂલ્ય નમૂનો છે. સમાજ તેની યોગ્ય કિંમત આંકે તે જરૂરી છે.



*જગવલ્લભ પાર્શ્વનાથના દેરાસરની સમૃદ્ધ કાષ્ઠ કોતરણી : શું હવે પછી આ પ્રકારની કળાઓ માત્ર ઈતિહાસ જ બની રહેશે?*

# જય જિનેન્દ્ર શબ્દ વૈભવ-૧

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | | ૪ | | ૫ |
| ■ | ■ | ૬ | | | ■ | ■ | | ■ | |
| ૭ | ૮ | | ■ | ૯ | ૧૦ | ■ | | ■ | |
| ૧૧ | | ■ | ૧૨ | ■ | ૧૩ | ૧૪ | | ૧૫ | |
| | ■ | ■ | ૧૬ | ૧૭ | | | ■ | | ■ |
| ■ | ૧૮ | ૧૯ | | | ■ | ૨૦ | | | ■ |
| ૨૧ | | | | | ■ | | ■ | ૨૨ | ૨૩ |
| ૨૪ | | ■ | ■ | | ■ | ૨૫ | | ■ | |
| | ■ | ૨૬ | | | ૨૭ | | ■ | ■ | |
| ૨૮ | | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | |

**શરતો, નિયમો અને સૂચનાઓ :** એક વ્યક્તિ ગમે તેટલી એન્ટ્રી મોકલી શકે છે, પરંતુ દરેક એન્ટ્રી સાથે જય જિનેન્દ્રમાં છપાયેલી કૂપન હોવી જરૂરી છે. ઝેરોક્સ કરીને મોકલેલી એન્ટ્રી રદબાતલ કરવામાં આવશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● તમારી એન્ટ્રી અમને તારીખ ૩૦.૧૨.૨૦૦૩ સુધી મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઇનામોની જાહેરાત ફેબ્રુઆરી, ૨૦૦૩ના અંકમાં કરવામાં આવશે. ● એન્ટ્રીના કવર ઉપર જય જિનેન્દ્ર શબ્દ વૈભવ-૧ લખવું જરૂરી છે. ● અપૂરતી ટિકીટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં જય જિનેન્દ્રની કોઈ જવાબદારી બનતી નથી. ● જય જિનેન્દ્ર માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

**આડી ચાવી**

૧. સાધુ-સાધ્વીને કલ્પે તેવું, નિર્દોષ (૩)
૩. ઇચ્છાપૂર્વક કર્મોને દૂર કરવાં તે (૬)
૬. ........ પર્વત, દિક્કુમારિકાનું એક નિવાસસ્થાન (૩)
૭. ખમાવવાની ક્રિયા, ક્ષમાપના (૩)
૯. ચાર શ્વાસોચ્છ્વાસ પ્રમાણ સમય (૨)
૧૧. એક મહાપર્વતનું નામ (૨)
૧૩. ........સૂરિ, પ્રાચીન યુગમાં થયેલા એક જૈનાચાર્ય (૫)
૧૬. ........ આરક સાગરૂ રે, કોડાકોડી અઢાર. (૪)
૧૮. '........ પડાગા' એ નામનો એક જૈન ગ્રંથ (૪)
૨૦. લઘુતા (૩)
૨૧. ........ નિમ્મલ-સહાવે (૫)
૨૨. કિનારો (૨)
૨૪. સરોવર, એક પ્રકારની વનસ્પતિ (૨)
૨૫. ઉચ્ચૈરશોક........સંશ્રિતમુન્મયૂખં (૨)
૨૬. અશુભ કર્મોને બાળવાની પ્રવૃત્તિ (૫)
૨૮. ........ મે સરીરં, દેવાસુરપણમિયા સિદ્ધા. (૩)
૨૯. લૌકિક માન્યતા મુજબ પાંચમા આરા જેવો સમય (૨)
૩૦. વ્યાખ્યાનમાં શ્રાવિકાઓ આ ગાય (૩)

**ઊભી ચાવી**

૨. હે ........ના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી. (૩)
૩. ........કુશલ-વલ્લી-પુષ્કરાવર્તમેઘો. (૩)
૪. તીવ્ર અધ્યવસાયથી બંધાય તેવું કર્મ (૪)
૫. ........સૂરિ, હેમચંદ્રાચાર્યના એક શિષ્ય (૪)
૭. દેવસિયં ........? (૩)
૮. મેરુતો ........ભૂમૌ હિ શ્લાઘ્યા કલ્પતરોઃ સ્થિતિઃ (૨)
૧૦. ઉપાશ્રય, નિવાસ સ્થાન (૩)
૧૨. દૂર કરેલું, હણાયેલું (૪)
૧૪. મંગલ ચૈત્ય (૬)
૧૫. ભદ્રેશ્વર તીર્થનું જૂનું નામ (૪)
૧૭. શ્રમણસંઘની જરૂરિયાતો સાચવી શકે તેવા સાધુને અપાતું એક પદ (૬)
૧૮. '........પચ્ચક્ખાણ' એ નામનો એક જૈન ગ્રંથ (૩)
૧૯. એક ધાન્યનું નામ (૨)
૨૧. ........વિસ-નિન્નાસં મંગલકલ્લાણ આવાસં.(૪)
૨૩. પાંચ વર્ષ, બે માસ અને અઠ્યાવીસ દિવસે પૂર્ણ થતું એક તપ (૪)
૨૬. શીતલઃ ........ વો જિનઃ (૨)
૨૭. એક પ્રકારનું માછલું (૨)

**આ અંકથી દર અંકે નવી નવી સ્પર્ધા... દર અંકે આકર્ષક ઇનામો. આજે જ જય જિનેન્દ્રના સભ્ય બની જાઓ**

**એક વર્ષનું લવાજમ ૧૦૦ રૂપિયા. પાંચ વર્ષનું લવાજમ ૫૦૦ રૂપિયા**

**આ ઈનામ તમારી રાહ જુએ છે.**

જય જિનેન્દ્ર શબ્દ વૈભવ-૧ના વિજેતાને મળશે આકર્ષક નયનરમ્ય ફ્રેમ સાથે ૧૮૦૦ રૂપિયાના મૂલ્યનું ગોલ્ડપ્લેટેડ મહાપ્રભાવિક લક્ષ્મીધારા યંત્ર તદ્દન ફ્રી (યંત્રનું મૂલ્ય ૧૫૦૦ રૂપિયા, ફ્રેમનું મૂલ્ય ૩૦૦ રૂપિયા). યંત્ર અને ફ્રેમ જોતાં જ આપ 'વાહ વાહ' અને આફ્રીન પોકારી ઊઠશો !

● તમારી એન્ટ્રી આજે જ મોકલી આપો . . .

નામ ______________________

સરનામું ______________________

______________________

ગામ ______________ પિનકોડ નંબર ______________

તાલુકો ______________ જિલ્લો ______________

ફોન નંબર ______________

ઈ-મેઈલ ______________________

# જૈન ધર્મના જનરલ નૉલેજની પરીક્ષા : થોડી નિખાલસ સમીક્ષા

જૈન ધર્મના જનરલ નૉલેજની પરીક્ષા લેવાનું નક્કી થયું ત્યારે સતત એ વિચાર આવતો રહ્યો કે એ કોણ પુણ્યવાન હશે જે સોએ સો ટકા માર્ક્સ લાવીને શિખરજીની યાત્રા કરવા માટે સૌભાગ્યશાળી નીવડશે. પરંતુ આટલા વિશાળ જૈન સંઘમાંથી સોએ સો ટકા માર્ક્સ કોઈ લાવી શક્યું નહીં તે બાબતને આઘાતજનક તો નહીં, પરંતુ આશ્ચર્યજનક તો અવશ્ય કહીશું. આખું પ્રશ્નપત્ર ઑબ્જેક્ટિવ પ્રકારનું હતું એ મુદ્દો અહીં ખાસ ખ્યાલમાં રાખવાનો છે. ઉપરાંત આ પ્રશ્નપત્ર ઘરબેઠાં જ ભરવાનું હતું. પુસ્તકોનો ઉપયોગ કરવાની છૂટ હતી. એ ઉપરાંત સૌથી મોટી વાત તો એ કે પ્રશ્નપત્રના ઉકેલ માટે અ..ધ..ધ.. સવા મહિનાનો લાંબો સમય આપવામાં આવ્યો હતો.

ઘણીવાર શ્રાવક-શ્રાવિકાઓના મોઢે એવું સાંભળવા મળતું હોય છે કે 'મહારાજ સાહેબોથી આમ થાય અને તેમ ન થાય,' 'તેઓથી આ કરાય અને પેલું તો ન જ કરાય.' જ્યારે જ્યારે આ અથવા આવા અર્થવાળાં વાક્યો કાને પડતાં ત્યારે આનંદ થતો કે આ વિષમ એવા પંચમ કાળમાં પણ જૈન શાસનમાં આવા નબીરાઓ છે ખરા કે જેઓ સાધુ-સાધ્વીજી ભગવંતોએ કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કાર્યો અંગે પૂરતી શાસ્ત્રીય સમજ અને પૂરતું જ્ઞાન ધરાવે છે. જે ગૃહસ્થજનોને સાધુ-સાધ્વીજીઓના આચાર-વિચારો અંગે આટલો બધો ઊંડો ખ્યાલ હોય તેમને, સ્વાભાવિક રીતે જ, પોતાના આચારવિચાર સંબંધી તો પૂરતું જ્ઞાન હોય જ! આથી જ આ પ્રશ્નપત્રમાં મૂકેલા સવાલોમાંથી શ્રાવકજીવનને સ્પર્શતા જે સવાલો હતા તે અંગે, આશા તો એવી હતી કે એમાં તો શ્રાવક-શ્રવિકાઓ તદ્દન સાચા જવાબો આપશે જ! પણ પ્રશ્નપત્રો તપાસતી વેળાએ સચ્ચાઈ સામે આવી કે પૂજનીય ગુરુ ભગવંતોના આચાર-વિચારો અંગે 'ધ્યાન રાખનારા' (રિપિટ, ધ્યાન રાખનારા, જ્ઞાન ધરાવનારા નહીં,) પુણ્યવાનો પોતાના આચાર-વિચારની જાણકારી બાબતે ઘણા જ નબળા છે!

કેટલાંક ઉદાહરણોથી આ બાબત સ્પષ્ટ થશે :

પ્રશ્નપત્રમાં એક સવાલ સામાયિક અંગે હતો. સામાયિક કરવાથી શું થાય? સામાયિક કરવાથી સ્વર્ગ મળે, સામાયિક કરવાથી મોક્ષ મળે, સામાયિક કરવાથી પુણ્ય બંધાય કે સામાયિક કરવાથી વાહવાહ થાય? બહુ આશ્ચર્યજનક રીતે, 'સામાયિક કરવાથી પુણ્ય બંધાય' તેવો ઉત્તર આપનારની સંખ્યા ઘણી જ મોટી નીકળી! સામાયિક અંગેનો જ એક બીજો પ્રશ્ન : સામાયિકમાં કયું ઉપકરણ અનિવાર્ય એ પ્રશ્નના ઉત્તરમાં ચરવળાને અનિવાર્ય માનનારા પુણ્યવાનો ભારે લઘુમતીમાં નીકળ્યા! પ્રતિક્રમણનાં સૂત્રો અંગેનો એક પ્રશ્ન તો કેટલો બધો સરળ હતો, જેમાં પ્રતિક્રમણનાં સૂત્રોમાં કયો શબ્દ નથી આવતો એ જણાવવાનું હતું. વિકલ્પો હતા : બોહિ, સમાહિ,



કલ્યાણકંદં અને દુક્ખ. સ્વાભાવિક રીતે જ અહીં ખોટા જવાબની અપેક્ષા ન જ રાખી શકાય. પ્રતિક્રમણમાં દુક્ખ શબ્દ નથી આવતો એવો ઉત્તર આપનારાઓની સંખ્યા આંચકાજનક રીતે, ઘણી મોટી છે. એકથી વધુ વખત 'દુક્ખ' શબ્દ આવતો હોવા છતાં આવો ઉત્તર આપવા પાછળ કયું પરિબળ કામ કરતું હશે તે સમજવું સાચે જ મુશ્કેલ પડે તેવું છે! ક્રિકેટની ભાષામાં કહીએ તો 'કલ્યાણકંદં'ના ગુગલી બોલે ઘણા પરીક્ષાર્થીઓની વિકેટ લઈ લીધી! સંઘમાં મોટા પ્રમાણમાં જોવા મળતા 'કલ્યાણકંદં' જેવા અશુદ્ધ ઉચ્ચારણ તરફ ધ્યાન ખેંચવા માટે જ આ પ્રશ્ન ખાસ પસંદ કરીને મૂકવામાં આવ્યો હતો.

નબળો કારીગર ઓજારનો વાંક કાઢે એવું આ પરીક્ષામાં ખાસ અનુભવવા મળ્યું. કેટલાક પરીક્ષાર્થીઓએ મારી પાસે રૂબરૂમાં આવીને એવી ફરિયાદ કરી કે સાહેબજી, આપે તો પરીક્ષામાં ઇતિહાસના પ્રશ્નો પણ પૂછ્યા છે, અમારી પાસે તો એવાં પુસ્તકો ક્યાંથી હોય! શાબ્બાશ, આવા લોકો પાસે પ્રતિક્રમણનાં પુસ્તકો તો હોય જ ને? કમ સે કમ એ વિષયને લગતા સવાલોના ઉત્તરો તો એમણે સાચા આપવા જ જોઈએ ને? પણ સવાલ પુસ્તકોનો ક્યારેય નથી હોતો. સવાલ માત્ર દાનતનો જ હોય છે. પ્રશ્નપત્રમાં ક્યાંય એવો નિયમ નહોતો કરવામાં આવ્યો કે 'શ્રીસંઘના જ્ઞાનભંડારોમાંથી પુસ્તક લાવીને તેમાંથી જોઈને જવાબ લખ્યો હશે તો તે અમાન્ય ઠરશે!!!'

મહારાજ સાહેબોએ કેવી રીતે વર્તવું જોઈએ એની ચિંતા કરનારા સેંકડો પરીક્ષાર્થીઓને એ પણ ખબર નહોતી કે ગુરુ ભગવંતો ચોમાસામાં શું ન વહોરે! એક નમૂનારૂપ સવાલના ઉત્તરમાં કાજુને પડતા મૂકીને અન્ય વિકલ્પોને પસંદ કરનારાઓની સંખ્યા પણ નોંધપાત્ર રીતે મોટી છે!

બીજી તરફ, લલચામણા ગુગલી બોલથી વિકેટ ગુમાવનારા પરીક્ષાર્થીઓનું પ્રમાણ પણ ઘણું મોટું છે. દાખલા તરીકે સંપૂર્ણ મુક્તિ માટેનો પ્રશ્ન જોઈએ. અહીં આપેલા વિકલ્પોમાં 'કોટિશિલા ઉપર કાયમી સ્થિરતા' એ વિકલ્પ ઉપર પસંદગી ઢોળનારા એટલી મોટી સંખ્યામાં છે કે આપણને આશ્ચર્ય થાય કે સિદ્ધશિલા અને કોટિશિલાનો તફાવત પણ તેમના ખ્યાલમાં કેમ નહીં આવ્યો હોય! આવો જ ગુગલી બોલ ભગવાન મહાવીર અંગેના એક પ્રશ્નમાં પણ કામ કરી ગયો. ભગવાન મહાવીર સાથે કોને લાગે વળગે નહીં એ પ્રશ્નના ઉત્તરમાં બહુ મોટી સંખ્યામાં પરીક્ષાર્થીઓએ ગોશાલક ઉપર પસંદગી ઢોળી છે. કદાચ પરીક્ષાર્થીઓએ યશોધરાને 'યશોદા' ધારી લીધી હશે. જો આમ હોય તો પરીક્ષાર્થીઓ લપસણી ભૂમિ જોઈને લલચાઈ ગયા એમ માની શકાય. હકીકતે યશોધરા એ બુદ્ધની પત્નીનું નામ છે તેથી તેને ભગવાન મહાવીર સાથે કંઈ લાગતું વળગતું નથી. ગોશાલકે તો ભગવાન મહાવીરની નિશ્રામાં વરસોનાં વરસો કાઢ્યાં છે.

એ જ રીતે જૈનાચાર્યોની યાદીમાં જેમનો સમાવેશ નથી થતો તેવા આચાર્યોની યાદીમાં સેંકડો પુણ્યવાનોએ મલ્લિનાથસૂરિની સામે ટિક કરતાં ગભરાટ અનુભવ્યો છે. 'મલ્લિનાથ નામ તો જૈનોનું જ હોય ને!' એમ ધારી લેવાયું હોવાની પૂરતી સંભાવના છે. મારું આ નિરીક્ષણ જો સાચું હોય તો મેં મૂકેલો આ સવાલ પરીક્ષાર્થીઓને બરાબર લલચાવી ગયો એમ જરૂર કહી શકાય!

સૌથી વધુ કમાલ કરી પૂણિયા શ્રાવક અંગેના સવાલે. પૂણિયાના સાચા નામ તરીકે પૂર્ણપાલ ઉપર પસંદગીનો કળશ ઢોળનારાઓની સંખ્યા ૯૯ ટકા ઉપર છે! એક સરળપરિણામી શ્રાવિકાબેને પ્રશ્નપત્રના ઉત્તરની સાથે એક પત્ર મોકલ્યો હતો, જેમાં તેમણે એવું લખ્યું હતું કે 'પૂણિયા શ્રાવકનું સાચું નામ પૂનમચંદ હતું. જો મારો આ જવાબ બરોબર હોય તો મને તેનો માર્ક આપવા વિનંતી.' એક વિદ્વાન મુનિવરે લખેલા પુસ્તકમાં પૂણિયાનું નામ 'પૂનમચંદ' નામ જણાવેલું હોવાથી આ શ્રાવિકાબેન તે મુનિવરની પ્રસિદ્ધિથી અંજાઈને દોરવાયાં હશે એમ માની શકાય. હકીકત એ છે કે જેમ કેટલાક લોકો મુંબઈનું મહામ્બાપુરી કરી કાઢે છે, ઝવેરનું જયવીર કરી કાઢે છે, ધન તેરસનું ધન્ય તેરસ કરી કાઢે છે તે જ રીતે તે વિદ્વાન મુનિવરે પૂણિયાનો પ્રાસ બેસાડીને પૂણિયાનું પૂનમચંદ નામકરણ કરીને તેને વિકૃત કરી નાખ્યું છે. 'પૂણિયો' શબ્દ એ કંઈ 'પૂનમચંદ' ઉપરથી અપભ્રંશ થઈને નથી ઊતરી આવ્યો. રૂની પૂણીઓના વેપારના કારણે તેનું પૂણિયો નામ પડેલું છે. જેમ કાપડના વેપારી કાપડીયા કહેવાય, તેલના વેપારી તેલી કહેવાય, ઘીના વેપારી ઘીયા કહેવાય એ જ રીતે પૂણીનો વેપારી પૂણિયો કહેવાય.

આ ઉપરાંત છેતરામણા વિકલ્પોમાં લલચાઈ

**અનુસંધાન પાંચમા પાને**

# જૈન ધર્મનું જનરલ નૉલેજ

## પ્રશ્નપત્રના સાચા જવાબો

● મહત્ત્વના જવાબોની આવશ્યક સમજૂતી સાથે ●

૧. સિદ્ધસેનદિવાકર
૨. હરિભદ્રસૂરિ
૩. અનાથી મુનિ
૪. સિદ્ધર્ષિ ગણિ
૫. જાતક ચિંતામણિ
૬. ૪૧૧ ઉપવાસ
૭. જાતિભવ્ય
૮. હેમચંદ્રાચાર્ય
૯. શાન્તિલાલ શાહ
૧૦. વલભીપુરમાં શ્રુતલેખન
૧૧. અણસણનો સ્વીકાર
૧૨. આનંદ શ્રાવક
૧૩. પરપરિવાદ
૧૪. મહાત્મા આનંદઘન
૧૫. પસંદગીના ધોરણે સ્વીકાર
૧૬. તારંગાજી
૧૭. મહાપરિનિર્વાણ
૧૮. ભદ્રબાહુ સ્વામી
૧૯. કલ્પસૂત્ર
૨૦. સિદ્ધહૈમ વ્યાકરણ
૨૧. ૬ છેદસૂત્ર
૨૨. શાન્તિદાસ શેઠ
૨૩. સામાયિક કરવાથી મોક્ષ મળે
૨૪. હરિભદ્રસૂરિ
૨૫. કરુણાનિધિ–કાલસૌરિક
૨૬. ગૌતમસ્વામી–જંબૂસ્વામી [સમજૂતી : બાકીના ગુરુશિષ્યો છે, જ્યારે ગૌતમસ્વામી–જંબૂસ્વામી ગુરુશિષ્ય નથી.]
૨૭. હેમચંદ્રાચાર્ય
૨૮. પંચતંત્ર કથા
૨૯. આહારક શરીર
૩૦. કામાક્ષી [સમજૂતી : કામાક્ષી સિવાયની ત્રણ શાસનદેવીઓ હોવાથી તે જૂદી પડે છે.]
૩૧. કલ્યાણકંદં
૩૨. પાવાપુરી [સમજૂતી : બીજા વિકલ્પો પાર્શ્વનાથ ભ. સાથે સંકળાયેલા છે, જ્યારે પાવાપુરી મહાવીરસ્વામી સાથે સંકળાયેલું હોવાથી જુદું પડે છે.]
૩૩. ભાત
૩૪. જંબૂસ્વામી
૩૫. ક્ષત્રિયકુંડ [સમજૂતી : બીજાં ક્ષેત્રોમાં કોઈને કોઈનાં નિર્વાણ થયાં છે, જ્યારે ક્ષત્રિયકુંડમાં જન્મકલ્યાણક થયું છે માટે આ નામ જૂદું પડે છે.]
૩૬. અન્તર્દ્વીપનો માણસ
૩૭. રક્ષાબંધન
૩૮. મૌન અગિયારસ–નમિનાથ
૩૯. શાંતિનાથ
૪૦. વીરવિજયજી
૪૧. ખંભાત
૪૨. હેમચંદ્રાચાર્ય
૪૩. તરંગલોલાના કર્તા [પાદલિપ્તસૂરિ]
૪૪. અમરાવતી
૪૫. યશોધરા [યશોધરા એ બુદ્ધની પત્નીનું નામ છે.]
૪૬. મુક્તાવલી
૪૭. એકદંડી
૪૮. અચલભ્રાતા
૪૯. ઉપા. શિવરત્ન ગણિ
૫૦. અગ્નિભૂતિનું નિર્વાણ
૫૧. સિદ્ધિસૂરિ દાદા [૧૦૪ વરસ]
૫૨. જંબૂસ્વામીનો જન્મ
૫૩. શાન્તિસાગરસૂરિ
૫૪. સર્વતોભદ્ર પ્રાસાદ
૫૫. શેઠ વખતચંદ
૫૬. ઈડર
૫૭. મહારાજા કુમારપાળ
૫૮. એ ક્યારેક ને ક્યારેક તો મોક્ષે જાય જ
૫૯. મહેન્દ્રસૂરિ
૬૦. યશોમતી
૬૧. સંગ્રામ સોની
૬૨. અજયપાળ–બાલચંદ્રસૂરિ
૬૩. મુનિચંદ્રસૂરિ
૬૪. મલધારી અભયદેવસૂરિ
૬૫. જગતચંદ્રસૂરિ
૬૬. શ્રેણિક રાજા
૬૭. આર્ય સમિત
૬૮. વિ. સં. ૧૬૧૩
૬૯. પ્રવીણ દેસાઈ
૭૦. ઉદ્યોતનસૂરિ
૭૧. શોભન મુનિ
૭૨. મલ્લિનાથસૂરિ [આ પ્રખર અજૈન વિદ્વાનનું નામ છે.]
૭૩. પુષ્પચૂલા
૭૪. કાજુ
૭૫. રુધિર
૭૬. પં. સિદ્ધિચંદ્ર
૭૭. વિજય વલ્લભસૂરિ
૭૮. ભાંડકજી
૭૯. ધારા નગરી
૮૦. લલિતાંગ
૮૧. તત્ત્વાર્થ સૂત્ર
૮૨. ષટ્ખંડાગમ
૮૩. પ્રવીણ દેસાઈ
૮૪. મહુડી તીર્થના સ્થાપક [બુદ્ધિસાગરસૂરિ]
૮૫. સિદ્ધ ભગવંત
૮૬. ચરવળો [સમજૂતી : ચરવળા વિના સામાયિક થાય એ 'ગેરસમજણ'ને જલદી દૂર કરશો. ઘણાખરાં એવું માને કે ચરવળો તો ઊભા થવાનું હોય તો જ જોઈએ, આ ખોટો ખ્યાલ છે. વધારે જિજ્ઞાસા માટે જ્ઞાની ગુરુને પૂછો.]
૮૭. ૐકાર
૮૮. મુનિચંદ્રસૂરિ
૮૯. સુથરી
૯૦. ચિદાનંદજી
૯૧. ઓઘો–પૌષધ
૯૨. પ્રાણાતિપાત
૯૩. પરપરિવાદ
૯૪. વિ. સં. ૧૩૧૩–૧૩૧૫
૯૫. સવાર્થસિદ્ધ વિમાનનો દેવ
૯૬. દ્વાદશાર નયચક્રના કર્તા [મલ્લવાદીસૂરિ]
૯૭. યક્ષા સાધ્વી
૯૮. મત્થએણ વંદામિ
૯૯. શ્યામાકના ખેતરમાં
૧૦૦. સંસ્કૃતમાં.

જય જિનેન્દ્ર : વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

અનુસંધાન ચોથા પાનાનું ચાલુ

જનારા કેટલાક પરીક્ષાર્થીઓમાં કુમુદચંદ્રને કુમુદસ્વામી ગણાવનારા, ધૃતકલ્લોલ પાર્શ્વનાથની રાજગાદી તરીકે કલોલ ઉપર પસંદગી ઢોળનારા, ઉમાસ્વાતિ વાચકની ખ્યાતિ માટે ઉમાપતિ સ્તોત્રને જશ આપનારા, આગમોના સંદર્ભમાં નાગાર્જુનાચાર્યની બાદબાકી કરનારા, ભગવાન મહાવીરને 'ઋજુવાલિકા નદીમાં' કેવળજ્ઞાન પમાડનારા પરીક્ષાર્થીઓનો પણ સમાવેશ થાય છે!

કેટલાક આશ્ચર્યજનક ઉત્તરો આપનારાઓમાં એવા પુણ્યવાનોનો સમાવેશ પણ થાય છે જેમણે વજસ્વામીના મામા તરીકે આર્ય સિંહગિરિને જણાવ્યા છે, તો કેટલાકે કાલકાચાર્ય–સાગરચંદ્રસૂરિના જોડકાને 'અસંબદ્ધ જોડકું' ગણાવ્યું છે ('કાલકા' શબ્દથી ગેરસમજણ થઈ હશે?). બબાલ ઊભી કરનારા જોડકામાં અજયપાળ–બાલચંદ્રસૂરિ ઉપર સિક્કો મારવાના બદલે અન્ય વિકલ્પો ઉપર સિક્કો મારનારા અગણિત પરીક્ષાર્થીઓ જોયા પછી તો એમ જ લાગે કે સેંકડો મુનિવરો દ્વારા હજારો વાર વ્યાખ્યાનમાં કહેવાઈ ગયેલા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના જીવનપ્રસંગોની મહેનત પાણીમાં જ ગઈ કહેવાય!

યક્ષા સાધ્વીનું નામ તો દર વરસે કલ્પસૂત્રનાં પ્રવચનો દરમ્યાન તાણી તાણીને કહેવામાં આવે છે. તેમ છતાં 'મારૂં નામ જડશે તમને કલ્પસૂત્રમાં' એવા સૌથી સરળતમ પ્રશ્નના ઉત્તરમાં પણ જ્યારે પુણ્યવાનો યક્ષા સાધ્વી સિવાયના વિકલ્પોને ટિક કરે ત્યારે તો ખરેખર આશ્ચર્ય થયા વિના કેવી રીતે રહી શકે!

ટૂંકમાં, દેરાસર-ઉપાશ્રયોમાં ઓછા જનારા પુણ્યવાનોને બાદ કરીએ તો પણ જેઓ નિયમિત રીતે દેરાસર-ઉપાશ્રયોમાં હાજરી આપતા હોય છે તેવા પરીક્ષાર્થીઓના નબળા ઉત્તરો જોયા પછી, સેંકડો વખત કહી ચૂક્યા પછી પણ એક જ વાત કહેવાનું મન વારંવાર થાય છે કે આપણે જ્ઞાનના ક્ષેત્રમાં ધ્યાન નહીં આપીએ તો જૈનોના અંધકારમય ભવિષ્યની આગાહી કરવા માટે જ્યોતિષના અભ્યાસની જરૂર નહીં પડે!

*જય જિનેન્દ્ર લાવી રહ્યું છે ફરી એક રોમાંચક પરીક્ષા. રોમાંચક ભવ્ય ઈનામો સાથે...*

CONGRATULATIONS

# હાર્દિક અભિનંદન

## આ છે જય જિનેન્દ્ર દ્વારા યોજાયેલી જનરલ નૉલેજની પરીક્ષાના સફળ વિજેતાઓ

## *પહેલું ઈનામ : સમ્મેતશિખરજીની યાત્રા (બંપર ઈનામ)*

૧૦૦ માર્ક્સ લાવનાર કોઈ ન હોવાથી આ ઇનામ કોઈને આપી શકાયું નથી. સો ટકા માર્ક્સ લાવનારને સમ્મેતશિખરજીની યાત્રા કરાવવાની અમારી ભાવના પૂરી થઈ શકી નથી.

## *બીજું ઈનામ : મહાપ્રભાવિક શ્રી લક્ષ્મીધારા યંત્ર* (ત્રણ ઇનામો)

**ફ્રેમ સાથે ૧૮૦૦ રૂપિયાના મૂલ્યનું ગોલ્ડ પ્લેટિંગ કરેલું આ યંત્ર નીચે જણાવેલા ત્રણ પુણ્યવાનો મેળવે છે.**

૧. સુશ્રી અવનિબેન અવિનાશભાઈ. નવરંગપુરા, અમદાવાદ. પેપર નંબર ૫૪. મળેલા માર્ક્સ ૯૬.

૨. શ્રી રાજેશ પંકજલાલ કોઠારી. પાર્લા, મુંબઈ. પેપર નંબર ૯૭. મળેલા માર્ક્સ ૯૪.

૩. શ્રી પ્રવીણભાઈ મૂળજીભાઈ મારૂ. રણજિતનગર, જામનગર. પેપર નંબર ૧૩૫૧. મળેલા માર્ક્સ ૯૪.

## *ત્રીજું ઈનામ : ૧૦ ગ્રામ ચાંદીના સિક્કા* (૧૦ ઇનામો)

### આ દસ પુણ્યવાનોને મળે છે દસ ગ્રામ ચાંદીના સિક્કા

(માર્ક્સ ૯૪) શ્રી ભૂમિત લાલજીભાઈ મારૂ. રણજિતનગર, જામનગર
(માર્ક્સ ૯૨) સુશ્રી જયશ્રીબેન વિનીતકુમાર શાહ. વાસણા, અમદાવાદ
(માર્ક્સ ૯૦) શ્રી નરેન્દ્ર હેમરાજભાઈ દોઢિયા. જામનગર
(માર્ક્સ ૯૦) સુશ્રી નીતા નરેન્દ્રભાઈ દોઢિયા. જામનગર
(માર્ક્સ ૯૦) સુશ્રી તારાબેન બાબુલાલ શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૯) શ્રી વૈભવ મધુકાન્ત વોરા. સ્વસ્તિક સોસાયટી, જામનગર
(માર્ક્સ ૮૮) સુશ્રી મીનલ વિપુલકુમાર શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૮) સુશ્રી રમીલાબેન કુમુદચંદ્ર શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૮) સુશ્રી પૂનમ પ્રદીપભાઈ શાહ. પાલડી, અમદાવાદ
(માર્ક્સ ૮૮) સુશ્રી શીતલબેન પરેશકુમાર શાહ. સાબરમતી, અમદાવાદ

### નીચેના ૪૮ પુણ્યવાનોને પ્રોત્સાહન ઈનામ રૂપે મળશે એકસો આઠ ફણાધારક ભગવતી પદ્માવતીજીનો મહાપ્રભાવી લેમિનેટેડ ફોટો (આ ફોટો ઉપર જણાવેલા વિજેતાઓને પણ મળશે).

(માર્ક્સ ૮૮) અરુણાબેન સંપતરાજ કોઠારી. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૮) પ્રવીણા સતીષકુમાર શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૮) ઝરણાબેન રાકેશકુમાર શાહ. કેશવનગર, અમદાવાદ
(માર્ક્સ ૮૭) મૃદુલા મહેશભાઈ શાહ. આંબાવાડી, અમદાવાદ
(માર્ક્સ ૮૭) દેવિકા ગિરીશભાઈ શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૭) અરુણાબેન મફતલાલ શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૬) પીના સંજયકુમાર શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૬) પાયલ ચંદ્રકાન્તભાઈ શાહ. ધનાસુથારની પોળ, અમદાવાદ
(માર્ક્સ ૮૬) નિકીબેન દીપકકુમાર શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૬) કિરણબેન શાંતિલાલ શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૬) હેમાંગિની ગૌરાંગભાઈ શાહ. વાસણા, અમદાવાદ
(માર્ક્સ ૮૬) ઈલાબેન પ્રદીપભાઈ શાહ. પાલડી, અમદાવાદ
(માર્ક્સ ૮૪) નેહા જીતુભાઈ રામાણી. ગુરુદ્વારા રોડ, જામનગર
(માર્ક્સ ૮૪) મીનાબેન કીર્તિભાઈ શાહ. ટુકડીની ખડકી, સાણંદ
(માર્ક્સ ૮૪) માલતીબેન દિલીપકુમાર શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૪) બકુલા ચંદ્રકાન્તભાઈ શાહ. લાવરીની પોળ, અમદાવાદ
(માર્ક્સ ૮૪) રંજન મફતલાલ શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૪) પૂર્વી દીપકકુમાર શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૪) જ્યોત્સ્ના ભરતકુમાર ચાલીસહજાર. પાલડી, અમદાવાદ
(માર્ક્સ ૮૪) બીજલ રાજીવભાઈ ચાલીસ હજાર. વેજલપુર, અમદાવાદ
(માર્ક્સ ૮૪) સુશીલાબેન મહેન્દ્રકુમાર શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૪) અશ્વિનકુમાર સુમનલાલ શાહ. સુથારવાસ, સાણંદ
(માર્ક્સ ૮૪) અંકિતા કીર્તિકુમાર શાહ. ટુકડીની ખડકી, સાણંદ
(માર્ક્સ ૮૩) જસુમતીબેન બાબુભાઈ શાહ. જૂના વાડજ, અમદાવાદ
(માર્ક્સ ૮૨) નેહા દિનેશભાઈ શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૨) નીપા અશ્વિનભાઈ શાહ. સુથારવાસ, સાણંદ
(માર્ક્સ ૮૨) નીલમબેન કિરીટકુમાર મહેતા. વાસણા, અમદાવાદ
(માર્ક્સ ૮૨) મમતા કિરીટકુમાર મહેતા. વાસણા, અમદાવાદ
(માર્ક્સ ૮૨) મીના કૌશિકકુમાર શાહ. દિગ્વિજય પ્લોટ, જામનગર
(માર્ક્સ ૮૨) કિરીટકુમાર જયેન્દ્ર મહેતા. વાસણા, અમદાવાદ
(માર્ક્સ ૮૨) હેતલ હર્ષદભાઈ શાહ. સાબરમતી, અમદાવાદ
(માર્ક્સ ૮૨) કુમુદબેન દિનેશચંદ્ર વસા. સોઢાનો ડેલો, જામનગર
(માર્ક્સ ૮૨) અરુણાબેન ચંદ્રકાંત શેઠ. શેઠ ફળી, જામનગર
(માર્ક્સ ૮૧) મંદાબેન એમ. શાહ. નારણપુરા, અમદાવાદ
(માર્ક્સ ૮૧) સુવર્ણા પંકજભાઈ શાહ. પાલડી, અમદાવાદ
(માર્ક્સ ૮૦) નીતિ કિરીટકુમાર મહેતા. વાસણા, અમદાવાદ
(માર્ક્સ ૮૦) દક્ષા સતીષચંદ્ર પાટલીયા. લંધાવાડ, જામનગર
(માર્ક્સ ૮૦) ફાલ્ગુનીબેન એસ. શાહ. ડી-કેબીન, અમદાવાદ
(માર્ક્સ ૮૦) જયોતિ મનમોહન શેઠ. શેઠ ફળી, જામનગર

**અનુસંધાન સાતમા પાને**

● ● ● ઈનામ વિજેતાઓને હાર્દિક અભિનંદન સાથે જય જિનેન્દ્ર દ્વારા વ્યક્તિગત રીતે જાણ કરવામાં આવી રહી છે.

ઉત્તર ગુજરાતના એક તીર્થમાં ઇતિહાસનું પુનરાવર્તન થયું

# ફિર વહી દાસતાં...

સળંગ દોઢ દોઢ દાયકાથી ચાલતા સેક્સકાંડમાં સંડોવાયેલા પા ડઝન સાધુઓને છાવરનારાઓની નિશ્રામાં જ સર્જાયેલું ચોથું સેક્સ કૌભાંડ... જોયા જાણ્યા વિના જાહેરમાં સેક્સી સાધુઓની દલાલી કરવા કૂદી પડીને ઊંધી કાંધે પટકાઈ જનાર (ગોચરીને સંડાસ, ઊકરડો અને ગટરથી લીંપવાનું ઑબ્સેસન ધરાવનારની ઓળખાણ પડી?)નો જ શિષ્ય એક સુપ્રસિદ્ધ જૈન તીર્થના રૂમમાં કાળાં કામો કરતાં ઝડપાઈ ગયો... ચોરને સજા કરવાની તરફદારી કરવાના બદલે ચોરની દલાલી કરીને, 'અમારી પાસે તો ચોરને પકડનારની વિરુદ્ધમાં બહુ બધા પૂરાવા છે' એવી ડંફાસ મારનાર (અને લાલ આંખ કરીને એ પૂરાવાની માગણી થતાં જ ગેં ગેં ફેં ફેં કરનાર) અને પોતાના પરમ મિત્રો એવા સેક્સી સાધુઓની દલાલી કરનારની પ્રેરણાથી ઉત્તર ગુજરાતમાં સરજાઈ રહેલા એક અભિનવ જૈન તીર્થ(!?)માં જ પેલા ચોથા કૌભાંડી સાધુને સંસારી કપડાં પહેરાવવા મજબૂર થવું પડ્યું... પૂજ્યપાદ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની નિર્ભીક રજૂઆતોથી અકળાયેલા અને ભેંસના શીંગડામાં માથું નાખીને ભરાઈ પડેલા 'સંડાસપ્રેમી'ના ઇશારે પૂજ્યશ્રીને ધમકી આપનારા અને 'નિષ્પક્ષ પત્રકારત્વ' નામની દ્રૌપદીનાં લૂગડાં ઊતારનાર એક વર્તમાનપત્રના સંપાદકનું આ મામલે ભેદી મૌન... સેક્સી સાધુઓની મોટા ઉપાડે દલાલી કરીને પૂજ્યપાદ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજને કોકના ઇશારે દબાવવા અને ધમકાવવા આવેલો એક સરકારી જમાઈ પણ હવે મોબાઈલની સ્વીચ બંધ રાખીને ભાગતો ફરે છે... *જય જિનેન્દ્ર* કાર્યાલયનો ફોન સ્ક્રીન ઉપર ડિસ્પ્લે થતાં જ પોતાના મોબાઇલની કેન્સલ સ્વિચ દાબી દઈને પછી તરત જ ફોન 'ઑફ' કરી નાખે છે... બીજા સાથીદારોનાં હાડપિંજરો કબાટમાંથી સરકી ન પડે તે માટે ચોથા સેક્સકૌભાંડીને તેનું મોં બંધ રાખવા રૂપિયા પાંચ લાખ આપીને વિદાય કરાયાની લોકોમાં થઈ રહેલી ચર્ચા... અગાઉ બે નબીરાઓ 'જથ્થાબંધ' સોનું અને છોકરી લઈને ફરાર થઈ ગયા હતા તેમ આ નબીરો શું શું લઈને ગયો છે તે બહાર આવે તો ઘણી રસપ્રદ વિગતો જાણવા મળવાનો સંભવ ખરો... કહે છે કે તે એક સાધ્વીને લઈને ફરાર થયો છે... આ જ નબીરો બે વરસ અગાઉ એક ચોમાસામાં આંબેલખાતાની દિવાલની ઓથે પસંદગીના પાત્ર સાથે 'ઇલુ ઇલુ' કરતાં ઝડપાયો હતો પણ એ વખતે તેને જતો કરવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા મહીનાઓમાં ત્રણ ત્રણ સેક્સી સાધુઓ અને તેમને છાવરનારાઓની ધોલાઈ થયા પછી ચેતી ગયેલાઓ માટે આ વખતે ચોથાની ચામડી બચાવી લેવાની કોઈ જગ્યા હતી જ નહીં, કારણ કે તેઓ જાણતા હતા કે મામલો જ્યારે શાસનની વફાદારીનો હશે ત્યારે *જય જિનેન્દ્ર* કોઈ ચમરબંધીનીયે શરમ નહીં જ ભરે... 'રાજા નાગો કેમ છે' એમ પૂછનાર જૈન સમાજનું એકમાત્ર નિર્ભીક સામયિક *જય જિનેન્દ્ર* જ છે એમ હવે વારંવાર કોઈને યાદ દેવડાવવાની જરૂર રહેતી નથી. ગુપ્ત રીતે, પૂરી ચૂપકીથી પાર પડાયેલાં બધાં ઓપરેશનો પણ છેવટે ગુપ્ત રહી શક્યાં નથી. આગે આગે દેખિયે હોતા હૈ ક્યા... લોકોમાં પૂછાય છે કે અજયકીર્તિ-વિજયકીર્તિ-પ્રેમ-સંયમ-શિવ અને હવે આ વિદ્યોદયકીર્તિ. હવે પછી કોણ...? (આ યાદીમાં 'પંચાલકીર્તિ'નું નામ સકારણ જ નથી. તેની વિદાય સેક્સકાંડના કારણે નહીં, પરંતુ વર્ષાસન ઓછું પડવાના કારણે થઈ હતી માટે...) વાચકોને યાદ દેવડાવવાનું કે ઉપરોક્ત બધા જ આજ્ઞાવર્તી અને નિશ્રાવર્તી (!?) હતા! (આ જૉક વાંચીને હસવાનું નહીં, નહીં તો શાસનની હીલણા થાય...)

**અનુસંધાન છઠ્ઠા પાનાનું ચાલુ**

(માર્ક્સ ૮૦) છાયાબેન એચ. શાહ. ડી-કેબીન, અમદાવાદ
(માર્ક્સ ૮૦) સ્મિતા આર. શેઠ. શેઠ ફળી, જામનગર
(માર્ક્સ ૮૦) કૈલાસબેન શાંતિલાલ શાહ. પાલડી, અમદાવાદ
(માર્ક્સ ૮૦) વૈશાલી પ્રવીણચંદ્ર વોરા. જામનગર,
(માર્ક્સ ૮૦) કીર્તિકુમાર જે. શાહ. ટુકડીની ખડકી, સાણંદ
(માર્ક્સ ૮૦) વર્ષાબેન રમેશચંદ્ર શાહ. પાલડી, અમદાવાદ
(માર્ક્સ ૮૦) અલ્પા પ્રવીણચંદ્ર વોરા. જામનગર
(માર્ક્સ ૮૦) પ્રીતિબેન એમ. કામદાર. ખાનપુર, અમદાવાદ
(માર્ક્સ ૮૦) પ્રવીણા નવીનચંદ્ર શેઠ. શેઠ ફળી, જામનગર

## ક્ષમાયાચના અને આભારદર્શન

આત્મીય વાચક બંધુઓ અને પરીક્ષામાં ભાગ લેનારા પુણ્યવાનો,

સાદર પ્રણામ,

*જય જિનેન્દ્ર* દ્વારા લેવાયેલ 'જૈનધર્મનું જનરલ નૉલેજ' પરીક્ષાને ખૂબ વ્યાપક આવકાર મળ્યો હતો. પ્રિન્ટ મિડિયા દ્વારા પણ પરીક્ષાના સમાચારોને વ્યાપક કવરેજ મળ્યું હતું તેથી અમારી ઉપર પ્રશ્નપત્રો મેળવવા માટે વિનંતીપત્રોનો ધોધ વરસ્યો હતો. અમે ક્ષમાપ્રાર્થી છીએ કે પરીક્ષામાં ભાગ લેવા ઇચ્છતા બહારગામના સેંકડો પુણ્યવાનોને અમારે નિરાશ કરવા પડ્યા હતા. સેંકડો પુણ્યવાનો તરફથી પરીક્ષાની તારીખો લંબાવવાની અમને વિનંતી થઈ હતી. પરંતુ એ રીતે પરીક્ષાની તારીખો લંબાવવાનું અમારી માટે નૈતિક કારણોસર શક્ય નહોતું. આ પરીક્ષાથી વંચિત રહી ગયેલા પુણ્યવાનો માટે અમે ફરી એકવાર ભવ્ય પરીક્ષાનું આયોજન કરી રહ્યા છીએ. પરીક્ષાનું સુંદર પ્રશ્નપત્ર તૈયાર કરવા માટે અમે પૂજનીય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજને વિનંતી કરી છે. ટૂંક સમયમાં જ અમે આપની સમક્ષ સુંદર પ્રશ્નપત્ર લઈને હાજર થઈશું.

પરીક્ષાનાં પેપરો તપાસવાનું કાર્ય ખૂબ જ કપરું હોય છે. એમાં લગની, નિષ્ઠા, પીઢતા અને ગોપનીયતાનું ખૂબ જ મહત્ત્વ હોય છે. આ પરીક્ષાનાં પ્રશ્નપત્રો તપાસનારા પુણ્યવાનો શ્રીમતી વીરબાળાબેન શાહ 'દાદીમાં', શ્રી અશોક શાહ, શ્રી નીરવ કોઠારી, શ્રી હેમાંગ લાલભાઈ શાહ અને કુ. પ્રિયંકા કેતનભાઈ શાહે નિઃસ્વાર્થભાવે સેવા આપી હતી તે બદલ તેમના પ્રત્યે આભારદર્શન કરીએ છીએ. *જય જિનેન્દ્ર* પરિવારના આ મૂક કાર્યકરો કદી આભારની કામના કરતા નથી, પરંતુ અમારા કર્તવ્યથી અમે તો વાકેફ છીએ જ. આ પુણ્યવાનોની સહાયથી જ ધાર્યા સમયે અમે પરિણામ આપી શક્યા છીએ. આ ઉપરાંત અનેક નામી અનામી ભાવિકોએ પણ પરીક્ષાકાર્યમાં પોતાની નાની મોટી સેવા અમારી સંસ્થાને આપી જ છે. સૌને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવીએ છીએ.

એંસી ટકા અને તેથી ઉપર માર્ક્સ લાવનારા પુણ્યવાનોનાં નામો અમે આ અંકમાં આપી દીધાં છે. બાકીના પરીક્ષાર્થીઓની સંખ્યા અઠ્યાવીસસોથી પણ વધારે હોવાથી બધાની માર્કશીટ વ્યક્તિગત રીતે આપવી શક્ય ન હોવાથી તેઓ પોતાનું પરિણામ આ અંકમાં આપેલા સાચા જવાબો સાથે સરખાવીને મેળવી લે તેવી વિનંતી. કેટલાક મહત્ત્વના ઉત્તરોની સમજૂતી પણ જવાબોની સાથે જ આપેલ હોવાથી પરીક્ષાર્થીઓને વધારે અનુકૂળતા રહેશે.

– સંચાલકો : *જય જિનેન્દ્ર*

## આપનો પત્ર મળ્યો



**દીપ**માલા પર્વ લેખમાં કરેલી ટકોર (જય જિનેન્દ્ર, ઑક્ટોબર, ૨૦૦૩) વ્યાજબી છે. જ્ઞાનનો માર્ગ ભૂલાયો છે એ હકીકત છે. પૂર્વાચાર્યોનો જ્ઞાનવારસો ન હોત તો આપણે સાવ કંગાળ જ બની રહ્યા હોત.

**અમરચંદ વી. શાહ** (વાસણા, અમદાવાદ)

**દિવાળી** અંગેના લેખને ધ્યાનથી સમજવામાં આવે તો અંતરમાં દીપક પ્રગટ્યા વિના ન રહે.

**પ્રભાબેન શાહ** (નવરંગપુરા, અમદાવાદ)

**હાથીને** મોક્ષે મોકલનાર મહારાજશ્રીની વાત વાંચીને પહેલાં તો રમૂજ થઈ પરંતુ પછી ગમગીની પણ થઈ કે એ 'વિદ્વાન' મુનિને પંન્યાસ પદ ન અપાયું હોત તો શું શાસનને કોઈ હાનિ પહોંચી હોત? એ મુનિના અજ્ઞાન બદલ ખરા જવાબદાર તો તેમના એ વડીલો જ ગણાય જેમણે તેમને પંન્યાસ પદ આપ્યું હોય. એ જ રીતે શ્રેણિકને સાતમી નરકે મોકલી દેનાર મુનિના ગુરુને પણ આ વાત એટલી જ લાગુ પડે છે.

**રમણલાલ કંસારા** (ભદ્રા, અમદાવાદ)

**જ્ઞાન** વિના શાસન ટકાવવું ખરેખર મુશ્કેલ પડે તેવું છે. જૈન સંઘના અગ્રણીઓએ પોતાની પ્રાથમિકતાઓને બદલવાની તાતી જરૂર છે.

**એ. વી. શાહ** (વાસણા, અમદાવાદ)

**દિવાળી** અંગેના લેખથી જ્ઞાનીઓના શબ્દો યાદ આવ્યા : *ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે...* ઘણીવાર લાગે છે કે જૈન સમાજ દિશાશૂન્ય અવસ્થામાં આમતેમ દોડી રહ્યો છે.

**ધીરજબેન ચાલીસા** (સેટેલાઇટ, અમદાવાદ)

**મારો** ખ્યાલ સાચો હોય તો દેરાસરના સ્થાપત્ય વિષેની લેખમાળા કદાચ પહેલીવાર જ કોઈ જૈન મેગેઝિનમાં પ્રકાશિત થઈ રહી છે. મેં ઘણાં જૈન મેગેઝિનો જોયાં છે પરંતુ જૈન શિલ્પ વિષે છૂટાછવાયા લેખોને બાદ કરતાં ક્યાંય કશું જોવા મળ્યું નથી. તે ઉપરાંત *જય જિનેન્દ્ર*ના 'ધડામ ધડામ છાપ' લખાણો વાંચવાની પણ મજા આવે છે. સમાજને જગાડવાનો *જય જિનેન્દ્ર*નો પ્રયાસ સ્તુત્ય છે. પરંતુ એક વાત કહું? સૂતેલાને જગાડવા તો ખૂબ આસાન છે, પરંતુ આપણે જાગતાને કદી જગાડી શકતા નથી.

**પ્રભાકર વાડીલાલ** (કલકત્તા)

*જય જિનેન્દ્ર*નું નિયમિત અધ્યયન કરીએ છીએ. આપના લેખો ધારદાર તથા સુંદર છે. અત્યારની જરૂરિયાત છે.

**પ્રફુલ સી. શાહ** (બોરીવલી, મુંબઈ)

**રાજસ્થાન** સરકારે પણ જૈનોને ધાર્મિક લઘુમતી જાહેર કર્યા તે બાબતે જૈનધર્મના આગેવાનો શું વિચારે છે તેનો સર્વે કરવો જોઈએ. સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પ્રથમવાર જ એવું બની રહ્યું છે કે જૈનો પોતાના અધિકાર બાબતે સજાગ બન્યા હોય અને સરકારો દ્વારા પણ તેમના અવાજને ધ્યાનમાં લેવામાં આવ્યો હોય. *જય જિનેન્દ્ર*ની જૈનોના હિતની વાતો કોઈને ગમે કે ન ગમે, તેણે પોતાની ઝુંબેશ ચાલુ જ રાખવાની જરૂર છે. નાકનું ટીચકું ચડાનારા છો ચડાવતા.

**નરેશ વીરચંદ દેસાઈ** (પાર્લા, મુંબઈ)

*જય જિનેન્દ્ર* દ્વારા વાયદો કરાયો હતો કે આ મેગેઝિનમાં વાર્તાઓ પણ આપવામાં આવશે. તો એ વાયદાને યાદ રાખીને અમારી વાર્તાભૂખ સંતોષવા નમ્ર વિનંતી. 'એક મુનિવરની ડાયરીમાંથી' વાળું લખાણ કેમ બંધ કરી દીધું છે? એના વિના મજા નથી આવતી. *જય જિનેન્દ્ર*માં જૈન સાહિત્યના પરિચય અંગેની કોલમ પણ હોવી જોઈએ.

**રમેશચંદ્ર બી. શાહ** (અંધેરી, મુંબઈ)

### જય જિનેન્દ્ર

ઇનામને પાત્ર ઠરેલા તમામ એકસઠ પુણ્યવાનો – જેમનાં નામો આ અંકમાં છપાયાં છે, તેમને *જય જિનેન્દ્ર* કાર્યાલય દ્વારા ટૂંક સમયમાં જ ઇનામો રવાના કરાઈ રહ્યાં છે. આપને ૩૦ ડિસેમ્બર સુધીમાં ઇનામ ન મળે તો તે પછી કાર્યાલયને જાણ કરવા વિનંતી.

સંચાલકો : જય જિનેન્દ્ર

## લેટર્સ ફ્રોમ ડૉટ કોમ

**દર** પહેલી તારીખે *જય જિનેન્દ્ર*ની ઉત્સુકતા રહે છે. આ મેગેઝિનનાં નિર્ભીક લખાણો દાદ માગી લે તેવાં હોય છે. જૈન સમાજમાંથી બહાર પડતાં મેગેઝિનો જો સમાજને જગાડવાનો પોતાનો ધર્મ બજાવે તો સમાજમાંથી ઘણાં દૂષણો ઓછાં થઈ શકે. *જય જિનેન્દ્ર* પાસેથી બીજાં જૈન સામયિકોએ ઘણું શીખવા જેવું છે. *જય જિનેન્દ્ર*નાં પાનાં વધારવાની ખાસ આવશ્યકતા છે.

**જાગૃતિ શાહ** (ચેન્નાઈ)

**મેં** ક્યારેય કલ્પ્યુંયે નહોતું કે ઇન્ટરનેટ ઉપર કોઈ જૈન મેગેઝિન ગુજરાતીમાં ફોર્મેટમાં પણ ઉપલબ્ધ હોય. *જય જિનેન્દ્ર*નું આ કદમ એક ઐતિહાસિક બાબત છે. બીજું એ કે *જય જિનેન્દ્ર*માં આવતાં લખાણો અંગ્રેજીમાં ટ્રાન્સલેટ કરીને નેટ ઉપર મૂકો તો મને લાગે છે કે ખૂબ ઉપયોગી બની શકે. ઇન્ટરનેટના માધ્યમનો ઉપયોગ એ આ યુગની તાતી જરૂરિયાત છે.

**રાજેશ કોઠારી** (બેંગલોર)

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

સો દિવસ સાસુના, એક દિવસ વહુનો...

●

**સ્પંદન**

જિમ જિમ બહુશ્રુત બહુજનસમ્મત, બહુલ શિષ્યનો શેઠો;
તિમ તિમ જિનશાસનનો વૈરી, જો નવિ અનુભવ નેઠો. *(ઉપા. યશોવિજયજી)*

●

**ના હોય!**

"એક સરસ જૉક કહો ને!"
"સાંભળ. અજયકીર્તિ, વિજયકીર્તિ, પ્રેમ, સંયમ, શિવ અને વિદ્યોદયકીર્તિ, આ બધા આજ્ઞાવર્તી હતા!"
"ગુરુની આજ્ઞામાં રહીને પણ તેમણે 'એવું' કર્યું?"
"તે બધા પોતાની રખાતોની આજ્ઞામાં હતા, ડોબા! ગુરુની આજ્ઞામાં હતા એવું મેં ક્યાં કહ્યું છે!"

## !! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380 051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004